

## મોડાસા બસસ્ટેન્ડ પાછળ ગટર ઉભરાતાં ગંદકી-ગંદકી

મોડાસા બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલ શ્રદ્ધા એપાર્ટમેન્ટના રહીશો દ્વારા ગંદા પાણી ગટરમાં વહાવવાના બદલે મુખ્યમાર્ગ પર નિકાળતા શ્રદ્ધા એપાર્ટમેન્ટની આજુબાજુમાં આવેલી ત્રણ સોસાયટીઓના રહીશોનું રહેવુ બદતર બની ગયું છે. આ અંગે નગરપાલિકા તંત્રમાં વારંવાર રજૂઆત કરવા છતાં યોગ્ય નિકાલ કે શ્રદ્ધા એપાર્ટમેન્ટના રહીશો સામે દંડનીય કાર્યવાહિ ન કરાતા રહીશ દ્વારા મોડાસા નગરપાલિકા તંત્રમાં લેખીતમાં રજૂઆત કરી તાત્કાલીક ગટરના પાણીના યોગ્ય નિકાલ માટે વ્યવસ્થા કરવા જણાવ્યુ હતુ.

મોડાસા બસસ્ટેન્ડ પાછળ વૃંદાવન સોસાયટીના રહીશ અનંતકુમાર પંડ્યાએ નગરપાલિકા પ્રમુખને લેખીત અરજી કરી જણાવ્યું હતું કેવિવેકાનંદ, વૃંદાવન અને શાંતિનીકેતન સોસાયટીઓમાં છેલ્લા એક માસથી શ્રદ્ધા એપાર્ટમેન્ટનું ગંદુ પાણી ફરી વળતા દૂર્ગંધ મારતા પાણીથી રોગચાળો ફાટી નીકળવાનો ભય હોવાથી અને મચ્છરનો ઉપદ્રવ વધી જવાથી ત્રણેય સોસાયટીઓના રહીશો બેહાલ બની ગયા છે. જેથી શ્રદ્ધા એપાર્ટમેન્ટના ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરી શહેરીજનોની જીંદગી સાથે ખીલવાડ કરવાનું બંધ કરવા જણાવ્યું હતું.

# મેઢાસણ પાસે ડાયવર્ઝનના દિશાસૂચક બોર્ડના અભાવે બાઈકચાલકનો ભોગ લેવાયો

### મેઢાસણ-બોડી માર્ગ પર નવીન પુલ નજીક બાઈક સ્લીપ થઈ જતા બાઈકચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ-બોડી માર્ગ પર હાલ અમૃતપુરા કંપા નજીક નવીન પુલની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવીન પુલ બનાવવા કોન્ટ્રાક્ટર દ્વારા અન્યથી પસાર થતા વાહનચાલકોને બાજુમાં ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. પરંતુ ડાયવર્ઝનના દિશા સૂચન બોર્ડ મુકવામાં ન આવતા સોમવારે રાત્રીના સમયે અહીંથી પસાર થતા બાઈકચાલક પુલ નજીક રાખેલા પથ્થર પાસે બાઈક સ્લીપ થઈ જતા મોટા-મોટા પથ્થરો સાથે બાઈક ચાલકનું માથુ અથડાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા લોહી વહી જતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે દોડી આવેલ મોડાસા રૂરલ પોલીસે મૃતકની લાશને પોર્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસા તાલુકાના મેઢાસણ-બોડી માર્ગ પર સોમવારે રાત્રીના દસ વાગ્યાના સુમારે અમૃતપુરા કંપા નજીક બાઈક સ્લીપ ખાઈ જતા બાઈકસવારના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. લાલપુર(કીડી) ગામના લાલસીંહ તખતસીંહ ચૌહાણ બાઈક લઈને સામાજીક કામકાજ અર્થે ગયા હતા ત્યાર બાદ મેઢાસણ-બોડી ગામેથી પસાર થતા હતા ત્યારે



અમૃતપુરા કંપા નજીક નવીનપુલ પાસે રાખેલા પથ્થરો પાસે ગફલતભરી રીતે પૂરઝડપે હંકારી તેની બાઈક (ગાડી નં. જીજે૯-એબી.૧૬૭૩) સ્લીપ ખાઈ જતા નવીન બની રહેલ પુલ નજીક રાખેલા પથ્થરો સાથે બાઈક ચાલકનું માથુ અથડાતા માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. મોડાસા રૂરલ પોલીસે તખતસીંહ હરીસીંહ પરમાર (રહે. લાલપુર(કીડી) ધનસુરા)ની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી મૃતકની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. લાલપુર (કીડી) ગામે રાત્રીના સમયે અકસ્માતમાં તેમના ગામના યુવાન લાલસીંહનું મોત નિપજ્યું હોવાની જાણ થતા પરિવારજનો અને લોકોના સગાસંબંધીઓ ઘટનાસ્થળે ધસી આવી રોકકળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

મેઢાસણના જાગૃત યુવાને રોષપૂર્વક જણાવ્યું હતું કે મેઢાસણ-બોડી ગામ નજીક નવીન પુલની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ નવીન પુલની કામગીરી કરતા કોન્ટ્રાક્ટર દ્વારા દિશા-સૂચક બોર્ડ ન મુકાતા અહીંથી પસાર થતા વાહનચાલકો ગોથુ ખાઈ જાય છે. જેથી નવીનકરણ પુલ અને માર્ગ પર તાત્કાલિક ડાયવર્ઝનના દિશાસૂચક બોર્ડ લગાવવામાં અન્યના બોર્ડ નહી લગાવવામાં આવે તો આગામી સમયમાં અહીંથી પસાર થતા અન્ય વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બને અને નિર્દોષ લોકો જાન ગુમાવે તો નવાઈ નહિ.

## ભિલોડા તાલુકાના મઉં ગામમાં સામાન્ય બાબતમાં મારા-મારી

ભિલોડા, તા.૨૩

ભિલોડા તાલુકાના મઉં ગામમાં સામાન્ય બાબતમાં મારા-મારી થતાં જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો ગરમાયો હતો.

પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ મઉં ગામના મધુબેન કાંતીભાઈ પરમારને મગનભાઈ ગલબાભાઈ પરમારએ કહ્યું કે તુ અહીં કેમ આવી છે તને કોણે રાખી છે તેમ કહી બિભત્સ મનફાવે તેમ અપશબ્દો બોલી ગળદાપાટુનો માર ચાર ઈસમોએ એકબીજાની મદદગારી કરી માર મારતાં મામલો ગરમાયો ત્યારે જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં મઉં ગામના મધુબેન કાંતીભાઈ પરમારએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં મઉં ગામના મગનભાઈ ગલબાભાઈ પરમાર, હિરાભાઈ ગલબાભાઈ પરમાર, માણેકબેન ગલબાભાઈ પરમાર, શાંતાબેન ગલબાભાઈ પરમાર વિરૂધ્ધ પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## બાયડમાં હિન્દુ-મુસ્લિમ એકતાનો અનોખો સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો

બાયડ, તા. ૨૩

ભારત ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત આગમનને વધાવવા બાયડ નગર ભાજપ દ્વારા અને વડાપ્રધાનના સ્વચ્છ ભારત અભિયાનને સાકાર કરવા અરવલ્લી જિલ્લાના બાયડ શહેર યુવા મોરચાના ભાજપના હિન્દુ અને અભિયાનને સાકાર કરતો અને સમાજમાં હિન્દૂ મુસ્લિમ એકતાનો સંદેશ પહોંચાડવા બાયડના યુવા મોરચાના ભાજપના કાર્યકરો બાયડ



હિન્દુ-મુસ્લિમ કાર્યકરોએ મંદિર-મસ્જિદમાં સફાઈ અભિયાન હાથ ધર્યું અને એક અનોખું ઉદાહરણ પૂરૂ પાડ્યુ હતું.

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાત આવ્યા છે ત્યારે તેમના આગમનને વધાવવા મુસ્લિમ કાર્યકરો દ્વારા આજે બાયડ નગરના આસ્થાનું કેન્દ્ર કબ્રસ્તાન ખાતે આવેલ ઈદગાહ મસ્જિદ અને હિન્દુ ધર્મના શ્રદ્ધાના સ્થાન અંબાજી માતાના મંદિરે સફાઈ અભિયાન હાથ ધાર્યુ હતું આ સફાઈ અભિયાન દ્વારા વડાપ્રધાનના સ્વચ્છ ભારત શહેરના યુવા મહામંત્રી મોહીન બલોચ તેમજ કેતન બ્રહ્મભટ્ટ, પ્રફુલ વાળંદ તેમજ મોટી સંખ્યામાં યુવા કાર્યકરો મુસ્લિમ જમાત બાયડના પ્રમુખ ગુલામનબી મલેક અને ઉપ પ્રમુખ અહેમદખાન દ્વારા અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.





## અરવલ્લી જિલ્લા સીડ્સ એન્ડ પેસ્ટીસાઈડ્સ એસોસીએશનની સ્થાપના

અરવલ્લી જિલ્લાના મોડાસામાં સિડ્સ એન્ડ પેસ્ટીસાઈડ્સ એસોસિએશનની સ્થાપના દીપ પ્રાગટ્યથી કરી તા. ૨૧ મે ૨૦૧૭ના રોજ ખુલ્લી મુકવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રવિણભાઈ પટેલ (અમદાવાદ, ગુજરાત એગ્રો ઈનપુટ પ્રમુખ), જુનાગઢથી અરવિંદભાઈ પટેલ સંસ્થાના રાષ્ટ્રીય મંત્રીની હાજરીમાં જિલ્લાના અધ્યક્ષ મોડાસાના ઉમિયા સીડ્સ એન્ડ પેસ્ટીસાઈડ્સના સુભાષભાઈ એમ. શાહની બીનહરીફ વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપ પ્રમુખ તરીકે ઈશ્વરભાઈ પટેલ મોડાસા, રાકેશ પટેલ-બાયડ, મનોજ પટેલ-ધનસુરા, ઈશ્વર પટેલ-ભીલોડા, અતુલભાઈ-મેઘરજ, મહામંત્રી ભરતભાઈ પટેલ - મોડાસા, મંત્રી મુકેશભાઈ પટેલ-મોડાસા, મુકેશભાઈ પટેલ-બાયડ, મહેશભાઈ પ્રજાપતિ-આકરૂન્દ, અનિકેત પટેલ-ભિલોડા, રિતેષ પટેલ-મેઘરજ, કિરીટ પટેલ-માલપુરની વરણી કરવામાં આવી હતી. આ સ્થાપના દિવસે જિલ્લાના ૫ તાલુકામાંથી ૩૦૦થી વધુ વેપારી મિત્રો હાજર રહ્યા હતા.

## મહેસાણા જિલ્લામાં પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની બેઠક યોજાઈ

મહેસાણા જિલ્લામાં પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીમાં હોદ્દાની રૂએ અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટરશ્રી આલોક કુમાર, ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા વિકાસ અધિકારી જે.બી પટેલ,પોલીસ અધિક્ષકશ્રી ચૈતન્ય માંડલિક તેમજ સભ્ય સચિવ તરીકે નાયબ પશુપાલન નિયામક છે.આ સંસ્થામાં જીવદયા સાથે સંકળાયેલ વ્યક્તિઓ આજીવન સભ્ય બની શકે છે. આ બેઠકનું આયોજન નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાના અધ્યક્ષ સ્થાને કરાયું હતું.

## મહેસાણા જિલ્લામાં આરોગ્ય કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમાર અને નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાના અધ્યક્ષ સ્થાને મહેસાણા જિલ્લામાં આરોગ્ય કામગીરી સંદર્ભે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેકટક આલોક કુમાર દ્વારા ડિસ્ટ્રીક ટાસ્ક ફોર્સ ફોર અર્બન ઈમ્યુનાઈઝેશનના નવીન બંધારણ અંગેની બેઠક યોજાઈ હતી. જેમાં ડિસ્ટ્રીક ટાસ્કફોર્સ અર્બન ઈમ્યુનાઈઝેશન નવીન બંધારણની સમીક્ષા કરાઈ હતી. જેમાં રસીકરણની કામગીરી સહિત વિવિધ ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત આઈ.ડી.સી.એફ બેઠક યોજાઈ હતી. જિલ્લામાં સંચારી રોગ અટકાયત તેમજ જિલ્લા સર્વેલન્સ સમિતની બેઠક યોજાઈ હતી. જેમાં રોગચાળાની સમીક્ષા, ચર્ચા તેમજ પાણી જન્ય વાહકજન્ય રોગચાળા અટકાયતીની કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

નિવાસી અધિક કલેકટર રમેશ મરેજાના અધ્યક્ષ સ્થાને પીસીએન્ડ પી.એન.ડી.ટીની બેઠક યોજાઈ હતી. જેમાં આ એક્ટ હેઠળ નવીન અલ્ટ્રાસાઉન્ડ ક્લિનીક અંતર્ગત હોસ્પિટલને રજિસ્ટ્રેશનની મંજુરી આપવા બાબત, જેનીટીક ક્લિનીક અંતર્ગત હોસ્પિટલનું રજિસ્ટ્રેશન રીન્યુઅલ કરવા બાબત સહિત કોર્ટ કેસોની સમીક્ષા કરાઈ હતી. આ ઉપરાંત માતા-બાળ મૃત્યુદરની સમીક્ષા સહિત નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ખાતે જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૩

પાલનપુર મુકામે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લાના કયા સ્થળોને ટુરીસ્ટ પ્લેસ તરીકે વિકસાવી શકાય તેની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારના પ્રવાસન નિગમ ધ્વારા પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસ માટે દરેક જિલ્લાને દર વર્ષે રૂ.૧૦ કરોડ ફાળવવામાં આવે છે. જેમાં એક વર્ષમાં ત્રણ સ્થળોનો વિકાસ કરવાનું આયોજન કરવામાં આવે છે. ગયા વર્ષે બનાસકાંઠા જિલ્લામાં ધરણીધર ઢીમાના વિકાસ માટે રૂ. ૫ કરોડની ફાળવણી પ્રવાસન વિભાગ ધ્વારા કરવામાં આવી હતી.

## વડગામ તાલુકાના મેપડા ગામે ફૂડ પોઈઝનિંગ : ૧નું મોત : ૭ સારવાર હેઠળ

વડગામ તાલુકાના મેપડા ગામે એક જ પરિવારના સાત સભ્યોને ફૂડ પોઈજન ની અસર થતા સારવાર અર્થે



પાલનપુર સિવિલમા ખસેડાયા હતા.

મેપડા ગામે દેવીપૂજક પરિવાર આજે સવારે સામુહિક ભોજન લઈ રહ્યો હતો. દરમ્યાન આ ઘટના બની હતી. પરિવાર ના સભ્યો એ ઘર મા બનાવેલી દાળ આરોગતા જ જાડા ઉલટી થવા પામ્યા હતા. જેમને ૧૦૮ દ્વારા સારવાર અર્થે પાલનપુર સિવિલ મા ખસેડાયા હતા. જોકે પરિવાર જનોઓએ દાળ મા ગરોળી પડવાથી આ બનાવ બન્યો હોવાની આશંકા જતાવી હતી. જોકે, ફૂડ પોઈઝનની અસર તળે એક મહિલાનું વડગામ ખાતે સારવાર દરમિયાન જ મોત નીપજ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે. જયારે આ પરિવારના ૭ સભ્યો પાલનપુર સિવિલમા સારવાર હેઠળ છે.



નવી દિલ્હી ખાતે રવિવારે કેદારનાથ ઓડોટેરિયમમાં વિશ્વ આતંકવાદ વિરોધી દિવસની ઉજવણીમાં ભાગ લેવા અરવલ્લી, મોડાસા, અમદાવાદ, ઉત્તર પ્રદેશ સહિતના નેશનલ એન્ટી ટેરરેઝમ મુવમેન્ટના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અને પરસ્પર પરિચય સાથે દેશના વિભિન્ન ભાગોમાંથી આવેલા કાર્યકરો સાથે વિચારગોષ્ઠિ કરી હતી.

## શામળાજી ખાતે અડાઆઠમ પ્રજાપતી સમાજનો પાંચમો સમુહલગ્નોત્સવ યોજાયો

શામળાજી વિભાગ અડાઆઠમ પ્રજાપતી સમાજનો પાંચમો સમુહલગ્નોત્સવ શામળાજી સર્વોદય આશ્રમ ખાતે યોજાયો.૧૬ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમ-કુંમ પ્રજાપતીએ જણાવ્યું હતું કે આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઉદ્ઘાટક એ.કે. પ્રજાપતી પ્રાંત અધિકારી બાયડ, ધીરેનભાઈ પ્રજાપતી, હતા. સહમુહગ્નોત્સવ ભોજન દાતા ખેમાભાઈ પ્રજાપતી, રાકેશભાઈ પ્રજાપતી, ગોપાલભાઈ પ્રજાપતી, એ.ડી.પ્રજાપતી,ભીખાભાઈ પ્રજાપતી, કાંતીલાલ પ્રજાપતી,



પગલા પાડ્યા હતા. શામળાજી વિભાગ અડાઆઠમ પ્રજાપતી સમાજના પ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, ઉપપ્રમુખ બાબુભાઈ પ્રજાપતી, મંત્રી શાંમળભાઈ પ્રજાપતી, સહમંત્રી પંકજભાઈ પ્રજાપતી, કન્વીનર ખેમાભાઈ પ્રજાપતી, સહકન્વીનર નાથાભાઈ એન.સી.પ્રજાપતી, ગોવિંદભાઈ પ્રજાપતી, પ્રવિણભાઈ પ્રજાપતી, ડાૅ.મનોજભાઈ પ્રજાપતી, આઈ.બી.પ્રજાપતી, સંદીપભાઈ ગુર્જર, શંકરલાલ ગુર્જર, કલ્પેશભાઈ પ્રજાપતી, સંતો,મહંતોએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વચન પાઠવ્યા રમેશભાઈ પ્રજાપતી સહિત નવયુવાનો, સમાજના અગ્રણીઓએ સમુહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રજાપતી સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે જ્ઞાતિએ અમારૂ ઘર છે. દરેક જ્ઞાતિજનો અમારા કુંટુબીજનો છે.

## પાલનપુર ખાતે ૩૦મી જુને ડાક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા પોસ્ટલ ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોના નિકાલ માટે ૩૦-૬-૧૭ના રોજ સવારે-૧૧ વાગે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા, પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે ફરિયાદ/આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફિસ ઓફ ધી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, બનાસકાંઠા ડીવીઝન પાલનપુરને ૧૦-૬-૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ આવેલ ફરિયાદ/આવેદનપત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહી તેમ બનાસકાંઠા ડીવીઝનના ડાક ઘર અધિક્ષક ધ્વારા જણાવાયું છે.

## રાજકોટને એઈમ્સની પ્રબળ સંભાવના

અમદાવાદ, તા. ૨૩

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સની રાજકોટને ભેટ મળશે તેવી છેલ્લા બે વર્ષથી ધુમરાતી વાત હવે આગામી દિવસોમાં સાકાર થાય તેવા ચિન્હો મળી રહ્યા છે. નાણા પ્રધાન અરૂણ જેટલીએ લોકસભામાં રજુ કરેલા કેન્દ્રીય બજેટમાં ગુજરાતને એઈમ્સ ફાળવવામાં આવશે તેવી જાહેરાત કરી છે પરંતુ ગુજરાતમાં એઈમ્સ રાજકોટને મળશે કે બીજા પ્રબળ દાવેદાર વડોદરા મેદાન મારી જશે તે અંગે છેલ્લા કેટલાક સમયથી અવઢવ પ્રવર્તી રહી છે.